# નીચે આપેલા સાર્વજનિક પ્રશ્નો
# ૭ નવેમ્બર, ૨૦૧૭ ના સામાન્ય ચૂંટણી મતપત્ર ઉપર દેખાશે

| | |
|---|---|
| હા | **ન્યુ જર્સી લાઇબ્રેરી કન્સ્ટ્રક્શન બોન્ડ એક્ટ**<br><br>શું તમે "ન્યૂ જર્સી લાઇબ્રેરી કન્સ્ટ્રક્શન બોન્ડ ઍક્ટ" માં સુધારો કરવાની મંજૂરી આપો છો? આ બોન્ડ અધિનિયમ, રાજ્યને કુલ ૧૨૫ મિલિયન ડોલરના એકંદર મુખ્ય રકમમાં બોન્ડ્સને અદા કરવા માટે અધિકૃત કરે છે. બોન્ડ્સની આવકનો ઉપયોગ જાહેર પુસ્તકાલયોને અનુદાન આપવા માટે કરવામાં આવશે. આ ગ્રાન્ટ જાહેર પુસ્તકાલયોના નિર્માણમાં, ક્ષમતા વધારવા અને જાહેર જનતાને સેવા આપવા માટે સજ્જ અને વિસ્તૃત કરવા માટે ઉપયોગ કરવામાં આવશે. |
| ના | **સ્પષ્ટીકરણ નિવેદન**<br><br>આ બોન્ડ એક્ટની મંજૂરી રાજ્યની સામાન્ય જવાબદારી બોન્ડ્સમાં રાજ્યને ૧૨૫ મિલિયન ડોલરનું વેચાણ કરવાની મંજૂરી આપશે. બોન્ડ્સની આવકનો ઉપયોગ જાહેર પુસ્તકાલયોના નિર્માણ, વિસ્તૃતિકરણ અને સજ્જ કરવા અનુદાન આપવા માટે કરવામાં આવશે. મ્યુનિસિપાલિટી અથવા કાઉન્ટીઓ કે જે જાહેર પુસ્તકાલયોને ભંડોળ આપે છે તે અનુદાનની રકમ સાથે સુમેળ કરશે. મ્યુનિસિપાલિટી અથવા કાઉન્ટી તેના સુમેળને સમર્થન આપવા ખાનગી ભંડોળની માંગણી કરી શકે છે. રાજ્ય ગ્રંથપાલ, થોમસ એડિસન સ્ટેટ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ સાથે પરામર્ષ કરીને, ગ્રાન્ટ માટે યોગ્યતા માપદંડ નક્કી કરશે.<br><br>ડેનિસ રોબિન્સન,<br>લેફ્ટનન્ટ ગવર્નરના ચીફ ઓફ સ્ટાફ / સેક્રેટરી ઓફ સ્ટેટ |